



સુવિચાર : જીંદગી કાંટો કા સફર હૈ, હોંસલા ઇસ કી પહેચાન હૈ, સીધે રાસ્તોં પર તો સભી ચલતે હૈ, જો રાસ્તે બનાયે વહી તો ઇન્સાન હૈ ! - રામયસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૩ | ૨૩ એપ્રિલ, ૨૦૧૫, ગુરૂવાર ; વૈશાખ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરને ૨૩ કરોડની ગ્રાન્ટ-સહાય

## આંતરમાળખાકીય સુવિધાના કામો માટે પ્રથમ હપ્તા પેટે મનપાને ૨૦ કરોડ અને ગુડાને ૩ કરોડ અપાયા : નગર સુખાકારી અને શહેરી સુવિધાના કામોનું સમયબદ્ધ આગોતરૂ પ્લાનીંગ સરકારની ગ્રાન્ટનો આયોજનબદ્ધ સુચારૂ ઉપયોગ કરો : આનંદીબેન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાને તેમજ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને આંતરમાળખાકીય સુવિધાના કામો માટે નવા નાણાંકીય વર્ષના પ્રથમ હપ્તા પેટે રૂ. ૨૩ કરોડની રકમના ચેકો એનાયત કરવામાં આવ્યા છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૨૦ કરોડ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને રૂ. ૩ કરોડની ગ્રાન્ટના ચેકો મહાત્મા મંદિર ખાતે યોજાયેલા એક સાદા છતાં અત્યંત દબદબભર્યા સમારોહમાં એનાયત કરાયા હતા.

મહાનગરપાલિકા વતી મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને કમિશનર શ્રી જી. આર. ચૌધરીએ તથા ગુડા વતી ચેરમેન શ્રી આશિષ દવે અને વહીવટી નિયામક સુશ્રી સંધ્યા ભુલ્લરે ચેકોનો સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગે શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓને સંબોધતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે નગર સુખાકારી અને શહેરી સુવિધાના કામોનું સમયબધ્ધ આગોતરૂં પ્લાનીગ કરી સરકાર તરફથી મળતી ગ્રાન્ટ-સહાયનો આયોજનબધ્ધ-સુચારૂ ઉપયોગ કરવા નગરો-મહાનગરોના સત્તા તંત્રવાહકોને તાકિદ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વિભાગ આયોજીત સર્વાંગી વિકાસ માટે ચેક અર્પણના કાર્યક્રમમાં રાજયની મહાપાલિકા-નગરપાલિકાઓને મળીને સમગ્રતયા રૂ. ૧૩૯૫.૭૫ કરોડની રકમના ચેક શહેરી જનસુવિધા કાર્યો માટે પદાધિકારીઓને અર્પણ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર







# જિલ્લામાં વધુ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ એક કરોડની ફાળવણી : રાજ્યમાં ૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો નવા બનશે : આરોગ્ય મંત્રી નિતીન પટેલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વધુ ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આજે રાજ્ય સરકારે મંજૂરી આપી છે. આ સાથે જિલ્લામાં ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનશે. આ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે પણ સરકારે રૂ. ૧ કરોડ ફાળવી આપ્યા છે.

આ નવુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થતા જિલ્લામાં આરોગ્ય સેવાઓ સઘન બનશે. ૯ પથારીની સુવિધા પણ આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ બનશે.

આ અંગેની વિગતો આપતાં રાજ્યના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં નવા ૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે. તેમાં અમદાવાદ જિલ્લામાં-૧, અમેરલી જિલ્લામાં-૧, આણંદ જિલ્લામાં-૨, બનાસકાંઠા જિલ્લામાં-૩, ભાવનગર જિલ્લામાં-૨, ગાંધીનગર જિલ્લામાં-૧, જામનગર જિલ્લામાં-૨, જૂનાગઢ જિલ્લામાં-૨, કચ્છ જિલ્લામાં-૪, ખેડા જિલ્લામાં-૧, મહેસાણા જિલ્લામાં-૧, મહિસાગર જિલ્લામાં-૧, મોરબી જિલ્લામાં-૨, પંચમહાર જિલ્લામાં-૨, પાટણ જિલ્લામાં-૨, રાજકોટ જિલ્લામાં-૨, સાબરકાંઠા જિલ્લામાં-૨, સુરેન્દ્રનગર જિલ્લામાં-૩ અને વડોદરા જિલ્લામાં-૧ એમ રાજ્યના કુલ ૧૯ જિલ્લાઓના ૩૫ તાલુકાઓમાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થશે.

તેમણે જણાવ્યુ હતુ કે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે અંદાજે રૂ. ૧ કરોડ પ્રમાણે કુલ ૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે અંદાજે રૂ. ૩૫ કરોડનો ખર્ચ થશે.

નવા ૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે કુલ ૩૧૫ કર્મચારીઓની નવી જગ્યાઓ ઉપલબ્ધ બનશે. જેના થકી આરોગ્ય સેવાઓનો વ્યાપ વધશે. તેમણે ઉમેર્યુ હતું કે ઉપરોક્ત સ્થળોએ નવા મંજૂર કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૬ પથારી પ્રમાણે કુલ મંજુર-૨૧૦ પથારીઓનો ગ્રામ વિસ્તારમાં વધારો થશે અને સુવિધા વધશે. ઉપરાંત આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલુ થવાથી રાજ્યના ઉંડાણના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનું નેટવર્ક વધશે.



આકાશમાંથી અગનગોળા વરસે છે - બપોરે હરવા-ફરવા પર તો જાણે પ્રતિબંધ લગાવાયો હોય તેમ માર્ગો સુમસામ હોય છે... આમ છતાં રોજગારી અર્થે ફરતા માલધારીઓ વૃક્ષના છાંયડે તાપથી બચવા ટાઢક મેળવે છે... એ.સી.નો વિકલ્પ સમા વૃક્ષના છાંયડામાં સૂતા માલધારીઓને જોઈને ગરમીની આક્રમકતાનો અંદાજ આવી શકે એમ છે... (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સ્વર્ણિમ પાર્ક અને સે-૧ તળાવની ફૂડકોર્ટ ભાડે ફાળવવાની યોજના પડતી મુકાઇ

## સહેલાણીઓને સુવિધા પુરી પાડવાના મુદ્દે ઉદાસીનતા

ગાંધીનગર, તા ૨૨

સ્વર્ણિમ પાર્ક અને સે ૧ના તળાવની ફૂડકોર્ટ ભાડાપેટે ફાળવવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવાઇ છે.ચાર મહિના પર્વે આ દુકાનો ભાડાપેટે ફાળવવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોઇ કારણોસર બન્ને સ્થળોએ ફૂડકોર્ટની દુકાનો ભાડાપેટે ફાળવવાની વાત પડતી મુકી દેવાઇ છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓને ધ્યાને લઇ ફૂડકોર્ટનું નિર્માણ કરવામાં આવ્યુ છે.વિશાળ પાર્કમાં ખાણી પીણીની સુવિધા માટે ૧૦ જેટલી દુકાનો બનાવવામાં આવી છે. ફૂડકોર્ટના નિર્માણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.બીજીતરફ નવવિકસિત સે-૧ના તળાવને અનુલક્ષીને પણ ફૂડકોર્ટ બનાવવામાં આવી છે. જેમાં પણ પાંચ દુકાનો બાંધવામાં આવી છે. શહેરની આગવી ઓળખસમા સ્વર્ણિમ પાર્ક તેમજ સે-૧ના તળાવની મુલાકાતે રાજબરોજ હજારો મુલાકાતીઓ આવે છે. પરંતુ આ મુલાકાતીઓને ફૂડકોર્ટની સુવિધા ઉપલબ્ધ થતી નથી.

સ્વર્ણિમ પાર્ક તેમજ તળાવને અનુલક્ષીને લાખોના ખર્ચે ફૂડકોર્ટ તૈયાર કરવામા આવી છે. પરંતુ લાખો રૂપિયાના પાણીઢોળ બાદ પણ નાગરિકોને કોઇ સુવિધા મળતી નથી. તંત્ર દ્વારા ફૂડકોર્ટની દુકાનો ભાડાપેટે ફાળવવા વાઇબ્રન્ટ પૂર્વે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ ચાર મહીનાના અંતે પણ આ પ્રક્રીયા આખરી થઇ શકી નથી.

જો કે હવે દુકાનો ભાડાપેટે ફાળવવાનો આખો પ્રાજેકટ જ પડતો મુકી દેવાયો હોવાનુ ધ્યાને આવ્યું છે. જેના પરિણામે સહેલાણીઓએ પણ હાલાકી ભોગવવી પડશે. જયારે તળાવને પીકનીક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન પણ રોળાઇ જશે.

## ગાંધીનગર સિવિલના આરએમઓની બદલી કે પ્રતિનિયુક્તી ?

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેસીડેન્ટ મેડીકલ ઓફિસર સુશ્રી દક્ષાબેનને તાત્કાલિક અસરથી સોલા હોસ્પિટલના આર.એમ.ઓ. તરીકે મુકવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આર.એમ.ઓ. તરીકેનો ચાર્જ તબીબી અધિકારી શ્રી કે.બી. શાહને સોંપવામાં આવ્યો છે. તેમણે તેમના નવા હોદ્દાનો ચાર્જ પણ સંભાળી લીધો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ છેલ્લા થોડાક દિવસથી સતત ચર્ચામાં રહી છે. હોસ્પિટલના આર. એમ. ઓ.ની તાત્કાલિક અસરથી કરાયેલી બદલી નથી પણ પ્રતિનિયુક્તી પર મુકવામાં આવ્યાની વાતો ચર્ચાઈ રહી છે.

શ્રી કે.બી. શાહ અગાઉ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રોગચાળા નિયંત્રણ અધિકારી તરીકે સેવાઓ આપી ચુક્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કોલેજ સાથે સાંકળી લેવામાં આવતાં આર.એમ.ઓ.ની કામગીરી અત્યંત સંવેદનશીલ બની જવા પામી છે. હાલ ગાંધીનગર સિવિલમાં ૪૫૦ થી વધુ પથારીની સુવિધા છે.

# નેપાળમાં ગુજરાતની બસ ખીણમાં ખાબકી

## ૧૭ શ્રદ્ધાળુના મોત થયા : મૃત્યુ પામેલાના દરેક પરિવારને ચાર-ચાર લાખની સહાય જાહેર કરાઈ : મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દુખની લાગણી વ્યક્ત કરી : ૧૦૦ મીટર ઉંડી ખીણમાં ગુજરાતની ખાનગી બસ ખાબકી

અમદાવાદ, તા. ૨૨

નેપાળના કાઠમંડુથી ગોરખપુર જતી ગુજરાતની ખાનગી ટ્રાવેલ્સની બસ કાઠમંડુના ધાદિંગર જિલ્લાના નૌબાઇસ ગામમાં ખીણમાં ખાબકી જતાં ૧૭ ગુજરાતી લોકોના કરૂણ મોત થઇ ગયા છે. આ ઉપરાંત ૨૮ લોકો અકસ્માતમાં ઘાયલ પણ થયા છે. આશરે ૧૦૦ મીટરથી પણ ઉંડી ખીણમાં આ બસ ખાબકી ગઇ હતી. ખાનગી બસમાં ગુજરાતના આશરે ૪૫ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. ગુજરાતના જામનગર આરટીઓ પાસિંગવાળી ખાનગી ટ્રાવેલ્સની બસમાં તમામ લોકો મુસાફરી કરી રહ્યા હતા. પશુપતિનાથ મંદિરમાં દર્શન કર્યા બાદ ગુજરાતના શ્રદ્ધાળુઓ ગોરખપુર તરફ આવી રહ્યા હતા. ત્રિભુવન હાઈવે ઉપર આ બનાવ બન્યો હતો. બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઘાયલ થયેલા લોકોને સારવારના ભાગરુપે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કેટલાક લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બસમાં ધાંગ્રધ્રા, થાન, વઠવાણ સહિત સુરેન્દ્રનગર જિલ્લાના મુસાફરો હતા. ગોઝારો અકસ્માત એ વખતે થયો હતો ત્યારે આ લોકો પરત ફરી રહ્યા હતા. દરમિયન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના ખીરવા ગામના તથા અન્ય ગામોમાંથી નેપાળ કાઠમંડુના પ્રવાસે ગયેલા યાત્રિકોના માર્ગ અકસ્માતમાં થયેલા કમનસિબ મૃત્યુ અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી મૃતકોના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

આનંદીબેન પટેલે આ ગંભીરતમ અકસ્માતમાં જાન ગૂમાવનારા કમભાગી પ્રત્યેક મૃતકના પરિવારને ૪ લાખની સહાય મુખ્યમંત્રી રાહતનિધીમાંથી માનવતાના ધોરણે આપવાની જાહેરાત પણ કરી છે. આજે આ ગંભીર માર્ગ અકસ્માતની જાણ થતા જ મુખ્યમંત્રીએ અકસ્માત ઈજાગ્રસ્તોને પૂરતી સારવાર સહિતની શક્ય તમામ મદદ મળી રહે તે માટે નેપાળમાં ભારતીય દૂતાવાસનાં સંપર્કમાં રહીને સત્વરે સંકલન કરી યોગ્ય પ્રબંધ કરવા રાહત કમિશનરને ચૂચના આપી હતી.

આ દુર્ઘટનાની વધુ જાણકારી અને માહિતી સંબંધકર્તા યાત્રાળુઓના પરિવારજનોને મળી રહે તે માટે ગુજરાત સરકારે નવી દિલ્હીમાં રેસીડન્ડ કમિશનર કચેરી ગુજરાત ભવન ખાતે હેલ્પલાઈન શરૂ કરી છે.

## ખાસ વિમાન કાઠમંડુ પહોંચ્યું

અમદાવાદ, તા. ૨૨

નેપાળમાં બસ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના મૃતદેહ અને ઘાયલ થયેલા લોકોને પરત લાવવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. જેના ભાગરુપે વિદેશમંત્રાલય દ્વારા એક ખાસ વિમાન મોકલવામાં આવનાર છે. નેપાળમાં બસ દુર્ઘટના થયા બાદ સાંજે વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે માહિતી આપતા કહ્યું હતું કે, ભારત સરકારે નેપાળમાં ગમખ્વાર બસ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહ અને ઘાયલ થયેલા લોકોને લાવવા માટે આઈએલ ૭૬ વિમાન મોકલી દીધું છે. આ વિમાન મોડી રાત્રે કાઠમંડુ પહોંચી જશે. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને લઈને જરૂરી કાયદાકીય અને કાગળ ઉપર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ આ લોકોના મૃતદેહ અને ઘાયલોને લઈને પરત લાવવામાં આવશે.

આઈએએફે માહિતી આપતા કહ્યું છે કે, તમામ લોકોને આવતીકાલે પરત લાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નેપાળના કાઠમંડુથી ગોરખપુર જતી ગુજરાતની ખાનગી ટ્રાવેલ્સની બસ કાઠમંડુના ધાદિંગર જિલ્લાના નૌબાઈસ ગામમાં ખીણમાં ખાબકી જતાં ૧૭ ગુજરાતી લોકોના કરૂણ મોત થઈ ગયા છે. આ ઉપરાંત ૨૮ લોકો અકસ્માતમાં ઘાયલ પણ થયા છે. આશરે ૧૦૦ મીટરથી પણ ઉંડી ખીણમાં આ બસ ખાબકી ગઈ હતી. ખાનગી બસમાં ગુજરાતના આશરે ૪૫ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. ગુજરાતના જામનગર આરટીઓ પાસિંગવાળી ખાનગી ટ્રાવેલ્સની બસમાં તમામ લોકો મુસાફરી કરી રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરના સમયમાં બનેલા બનાવ પૈકીના સૌથી મોટા બનાવ તરીકે આને ગણવામાં આવે છે. ગુજરાતી લોકો નેપાળમાં પ્રવાસમાં ફરવા ગયા હતા. આ ગાળા દરમિયાન જ ગમખ્વાર અકસ્માત સર્જાયો છે.

## વડાપ્રધાન મોદી દ્વારા મૃતકોના પરિવાર પરત્વે સંવેદના વ્યક્ત કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નેપાળમાં બસ દુર્ઘટનામાં માર્યા ગયેલા ગુજરાતના લોકો પ્રત્યે ખુબ દુખભરી લાગણી વ્યક્ત કરી છે. મોદીએ નિવેદન કરતા કહ્યું છે કે, માર્યા ગયેલા લોકોના પરિવારજનો સાથે તેમની સંવેદના જોડાયેલી છે. નેપાળમાં ભારતીય દૂતાવાસની એક ટુકડી બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ ગઈ છે.


CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108



જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બાંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬